# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન • જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૬૨ • તા. ૧૭ મે થી ૨૩ મે ૨૦૨૫



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.


# હાલે માલગાડી દોડી રહી છે ત્યારે પેસેન્જર ટ્રેન ચાલુ કરવા કવાયત





# ઈલેક્ટ્રિક એન્જીન સાથે ૨૧ મે બુધવારના ભુજ-નલિયા વચ્ચે ટ્રેન દોડાવાશે

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member

SHUBH
DIAMONDS




RAJESH MOMAYA
9884149494

# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# આત્મશક્તિ વધારવા શ્રધ્ધા અને વિશ્વાસ જરૂરી

દુ:ખ અને કષ્ટના કપરા કાળમાં હૈયામાં ધીરજ અને ક્ષમતાપણું હશે તો આ કપરી પળો સહવા લાયક બની જાય છે. આ કાળ, સમય કપરો છે. માણસ ડરી, ડરીને જીવે છે. અનેક ભય, ચિંતાઓથી ગ્રસ્ત રહી પોતાનું જીવન વ્યતિત કરે છે. માણસ ડરમાં જીવે છે. અનેક પ્રકારના ભય તેને સતાવી રહ્યાં છે. આજીવિકાનો ડર, સલામતીનો ડર, ભવિષ્યમાં કપરો કાળ આવશે એનો ડર અને સૌથી મોટો ડર મૃત્યુનો.

હૃદયમાં આત્મશક્તિ, શ્રધ્ધાબળ ન હોય અને વિશેષ તો પોતાના પર વિશ્વાસ ન હોય તો નીચેથી જમીન હટી જાય એવું થાય છે, અનુભવાય છે. દુ:ખમાં મુસીબતમાં માણસ ઈશ્વરનું સ્મરણ કરે છે. સતત પ્રભુમય રહે છે પણ સુખ આવે, તેનો સારો સમય આવે કે પાછળનું બધું ભૂલી જાય છે અને પોતાની મસ્તીમાં મય બની જાય છે. સુખ આવ્યું તે પોતાના કર્મથી, પોતાના આત્મબળથી આવ્યું એવું સમજી દુ:ખએ બીજાઓને લીધે આવ્યું. પોતે વગર વાતે એનો ભોગ બન્યો છે એવું દર્શાવે એવી માન્યતા ધરાવે છે. પોતાની ભૂલ દેખાતી નથી. પરંતુ બીજાના રાઈ જેવડા દોષો પર્વત જેવા દેખાય છે.

ત્રાજવાનું પલડું હળવું હોય છે ત્યારે ઉપર જાય છે અને ભાર થવા લાગે ત્યારે નીચે જાય છે. જેનામાં કાંઈ હતું નથી તેઓ અધ્ધર ચાલતા હોય છે. પણ જેની પાસે ખરેખર કાંઈ હોય તે નમ્ર બનીને ઝૂકી જાય છે. વૃક્ષો ફળોથી લદાઈ જાય છે ત્યારે નીચે નમે છે. જે નીચે નમતા નથી તેઓ પોતાના ભારથી, અભિમાનથી તૂટી જાય છે. જિંદગીમાં કશું તોળવાનું અને માપવાનું હોતું નથી. સરખામણી કરવાથી માત્ર દુ:ખ સિવાય કશું પ્રાપ્ત થતું નથી. દુ:ખમાં આત્મશક્તિ હોય તો દુ:ખએ આઘાત આપતો નથી, પણ એક કપરી ઘટના બની વિતી જાયછે. માટે આત્મશક્તિ સૌએ કેળવી જરૂરી છે. ધીરતા અને ક્ષમતા ધારણ કરવાથી શાંતિ અને સહન શીલતા ભર્યા ભાવ કેળવવાથી કોઈપણ ઘડીનો ભય, ડર કે અસલામતી ભયભીત કરતી નથી. કુદરતના સર્જન એના સૂર્ય, ચંદ્ર, તારા, વૃક્ષો, પહાડો, પશુ-પક્ષીઓ કોઈ એકબીજા સાથે સરખામણી કરતા નથી એટલે એ સુખી છે. માત્ર માનવી જ સરખામણી કરવાની આદતને કારણે દુ:ખી દુ:ખી છે.

પ્રભુ પ્રત્યેની આપણી શ્રદ્ધા અને ભક્તિ શરતી હોવાને લીધે મંદિરોમાં ભીડ વધતી રહે છે. પરમાત્મા સમક્ષ બે હાથ જોડીને ઊભેલો માનવી આજ સુધી મળ્યું છે. એનો આભાર માનવા નથી જતો પણ હજુ વધુ મળે એ જ માંગવા જાય છે. જીવનમાં પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા, તે જે કરશે એ સારા માટે કરશે એવો વિશ્વાસ હશે તો કશાથી ડર લાગવાનો નથી. આત્મશક્તિના બળે ડર દૂર થઈ જાય છે. પ્રભુ પ્રીત વગરનો ખોખલો ખોળિયો બહારથી બહાદૂર હિંમતવાન હોવાનો ભલે દેખાવ કરે પણ અંદરથી ભયભીત હોય છે. ડરેલો વ્યક્તિ દુ:ખ દર્દની સામે જઈ શકતો નથી એ માટે સુખ આવે એની રાહ જુએ છે. આત્મશક્તિ ધરાવતો વ્યક્તિ સૌ સંકટ કષ્ટ સામે પડકાર કરવા અગ્ર હોય છે.

– જય જ્ઞાતિમૈયા

# કોઈની મુસીબતમાં મદદ અને માર્ગદર્શન

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

જિંદગી એક સડક જેવી છે. જેમાં ઉતાણ-ચડાણ વળાંક ઉપરાંત સપાટ કે ખાડા ટેકરા, સ્પીડ બ્રેકર જેવા સંજોગો આવતાં રહે છે. જિંદગી ક્યારે સરળતાથી ગતિમાં રહેતી નથી. ક્યારે સ્લો તો ક્યારે ફાસ્ટ. જિંદગી જીવતાં દરેક માણસે મુસીબતનો સામનો કરવો જ પડે છે. સંકટ સામે આવતો જોઈ વ્યક્તિ ગભરાઈ જાય અને જો સામનો કરે એના બદલે બહાદુરીપૂર્વક એનો સામનો કરે એમાં એને સફળ થવાની અનેક તક હોય છે. માણસ પર મુસીબત આવી પડે ત્યારે શાંતિથી, સ્વસ્થતાથી અને આશાવાદી બનીને એનો મુકાબલો આસાનીથી કરી શકે છે અને વિજયી થવાની વધુ તકો સર્જે છે.

મુસીબતના સમયે કોઈની સલાહ કોઈની મદદ લેવી પડે છે. મુસીબત સામે લડવા જે કોઈ સાધન, સામગ્રી કે આયુધ જોઈતાં હોય તે પણ ટેમ્પરરી લેવા પડે છે. એ કાંઈ નવું નથી. પણ એ મદદ આપનાર ઉદાર હોય એ જોવું રહ્યું. કેટલાક માણસો એવા હોય છે કે મુશ્કેલીમાં સપડાઈ જનાર પરિચિતજન, સ્નેહી, સ્વજન વ્યક્તિને મદદ કરે છે પણ એ મદદ કરતી વખતે એને માર કરતાં વિશેષ લાગે છે. મોંઢું કટાણું કરીને કોઈને વહારે ચડીએ તો એ વસ્તુ સ્થિતિ કોઈને કેમ ગમે? પણ આકરી કસોટીમાં કટોકટીમાં સપડાઈ જનાર એ વખતે ભલે મદદ લઈ લે પણ તે વ્યક્તિ પ્રત્યે તેનો માન સન્માન કે લાગણી ભાવ ઉતરી જાય છે. બીજા ઉપર ઉપકાર ભાવ ચડાવીને મદદ કરનારી વ્યક્તિ તરફ મદદ લેનારી વ્યક્તિને આભારની લાગણીના બદલે ધિક્કારની લાગણી જન્મે છે.

કોઈને ક્યારે પણ મદદ કરો ત્યારે દયાનું પ્રદર્શન ક્યારેય ન કરો. મદદકર્તાએ પોતાની શક્તિ હોય એટલે મદદ કરવી જોઈએ. મદદ લેનારા અને દેનારા તો જ એનો ભાર વેંઢારી શકે છે અને જ્યારે એનું ઓછામાં ઓછું પ્રદર્શન થાય. તે વખતે લેનારા અને દેનારા બંનેને એ ગૌરવ આપે છે. દુનિયાનું દરેક દુ:ખ સારી વર્તણૂકથી રૂઝાઈ શકે છે. ઘણી વ્યક્તિઓને દુ:ખમાંથી સુખ શોધી કાઢવાની કળા હસ્તગત હોય છે, તો ઘણા માણસો ને સુખમાંથી દુ:ખ ફંફોસવાની આદત હોય છે. આવા નિરાશાવાદી માણસો પોતાની નિરાશાનો ચેપ અન્યોને પણ લગાડે છે. કોઈના દુ:ખને દૂર કરવા માટે એનામાં નવું જીવન ન પૂરી શકો તો કાંઈ નહીં પણ તમારી નિરાશા, હતાશાનો ચેપ તો ક્યારે કોઈની પર ક્યારેય લગાડશો નહીં.

જ્યારે આપણા કોઈ મિત્ર, સગાસંબંધી દુ:ખ હોવાનું જાણવા મળે ત્યારે એમનો દુ:ખને સામાન્ય ગણશો નહીં. પોતાનું નાનું સરખું દુ:ખ પણ માણસને મોટું લાગતું હોય અને બીજાનું દુ:ખ એને સામાન્ય લાગતું હોય. ઘણા માણસોને બીજાના દુ:ખને હસી કાઢવાની ટેવ હોય છે. એવું ક્યારે કરવું નહીં. એનું જાણી એને આશ્વાસન આપજો. આવી પડેલી વિપતિને જરૂરથી પહોંચી વળાશે એવી હિંમત જરૂર આપશો. મુસીબત કાયમ રહેતી નથી એવી હૈયાધારણા આપી માનસિક મદદરૂપ થજો. આ પ્રકારની તૈયારી આપણી ન હોય ત્યારે ચૂપ રહી જવું જેથી પરિસ્થિતિ બગડે નહીં. તેને મદદ કરવાને બદલે તારી કઈ બેદરકારી કે ભૂલને લીધે કષ્ટ મુશ્કેલી આવી એવું વિવરણ કરી તેની પીડામાં વધારો ન કરતાં અમુક પરિસ્થિતિમાં આપણું ડહાપણ વાપરવાની જરૂર હોતી નથી એટલું સમજો.

## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# જ્ઞાતિજનોને આહ્વાન

**આપણી જ્ઞાતિની વિરાસત ભવિષ્યમાં સચવાયેલી રહે સાથો સાથ આજની પેઢીને આપણી જ્ઞાતિની સંસ્કૃતિ-સંસ્કાર અને વિરાસતની આધારભૂત માહિતી મળે એ જરૂરી છે. જે માટે સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિ ગ્રંથનું સંકલન કરવાનું આયોજન છે. જે માટે માહિતી સંકલિત કરાઈ રહી છે.**

જ્ઞાતિના સૌ મહાજનો/સંસ્થાઓ/વ્યક્તિઓ સૌને જણાવવાનું કે આપની પાસે આપણી જ્ઞાતિ વિષેની માહિતી, વિગત, જાણકારી હોય તે લખીને ફોટા સાથે ઈમેઈલ **kdogranth@gmail.com** ઉપર મોકલવા વિનંતી

અથવા

**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન કેડીઓ મીડિયા સમિતિ**

બી-૩, કૃષ્ણ કુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, વિકાસ પ્લાઝોની પાસે, મુલુંડ(વેસ્ટ).

**વધુ વિગત માટે સંપર્ક**

**98690 05403 / 98330 72879**

### હાલે માલગાડી દોડી રહી છે ત્યારે પેસેન્જર ટ્રેન ચાલુ કરવા કવાયત

# ઈલેક્ટ્રિક એન્જીન સાથે ૨૧ મે બુધવારના ભુજ-નલિયા વચ્ચે ટ્રેન દોડાવાશે



અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં મુસાફર ટ્રેન સેવા શરૂ કરવાની તૈયારીઓ પૂર્ણતાના આરે છે. ભુજ-નલિયા વચ્ચેના ૧૦૧ કિલોમીટર લાંબા રેલવે ટ્રેક પર ઇલેક્ટ્રિફિકેશનનું કામ ફેબ્રુઆરીમાં પૂર્ણ થયા બાદ હવે વિદ્યુત એન્જીન સાથે આ ટ્રેક પર ટ્રેન દોડાવી ટ્રાયલ કરવામાં આવશે. જો ટ્રાયલ સફળ રહ્યું તો પેસેન્જર ટ્રેન ટૂંક સમયમાં શરૂ થશે.

આગામી બુધવારે મુંબઈ રેલવે વિભાગના ઉચ્ચ અધિકારી રંજન શ્રીવાસ્તવ અને તેમની ટીમ નલિયામાં રેલવે ટ્રેકનું નિરીક્ષણ કરશે. સવારે ૯ વાગ્યે નલિયા તરફ રવાના થનારી ટ્રેન બપોરે ૧ થી ૧.૩૦ વાગ્યા સુધીમાં ટ્રાયલ પૂર્ણ કરશે.

વચ્ચેના તમામ સ્ટેશનો પર ટ્રેન રોકાણ કરશે. પશ્ચિમ રેલવેના આધારભૂત સૂત્રોના જણાવ્યા મુજબ, ટ્રેકના વિદ્યુતીકરણનો વિસ્તૃત અહેવાલ મુંબઈની ચર્ચગેટ સ્થિત રેલવે વડી કચેરીને ગત માર્ચ મહિનામાં મોકલી દેવામાં આવ્યો હતો. હવે આ માટેની ટ્રાયલ સફળ રહેશે તો આગામી સમયમાં નલિયા સુધી મુંબઈની કે દિલ્હીની એક ટ્રેન લંબાવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ભુજ-નલિયા વચ્ચેનો આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ ૧૫ વર્ષ બાદ પૂર્ણ થયો હતો. ૭ મહિના પહેલા વડાપ્રધાન મોદી દ્વારા વર્ચ્યુઅલ રીતે આ પ્રોજેક્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું હાલમાં અહીં માલગાડી ચાલુ છે પેસેન્જર ટ્રેન દોડાવવા માટે લાંબા સમયની માંગ રહી છે જે હવે સંતોષાય તેવી આશા બંધાઈ છે.

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુરમાં શ્રી કુંથુનાથ જિનાલયની ૨૪ મી વર્ષગાંઠ અને ૨૫ મી ધ્વજા મહોત્સવની ઉજવણી


















શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુરમાં શ્રી કુંથુનાથ જિનાલયની ૨૪ મી વર્ષગાંઠ અને ૨૫ મી ધ્વજા મહોત્સવ તા.૧૩-૦૫-૨૦૨૫ મંગળવારના સાંજે ૫ વાગે પ.પૂ.સાધુ મુનિભગવંત શ્રી મહેન્દ્રસાગરશ્રીજી મ.સા. સુશિષ્ય પ.પૂ.મૈત્રીવર્ધનસાગરશ્રીજી મ.સા., પ.પૂ.આત્મવર્ધનસાગરશ્રીજી મ.સા., પ.પૂ.યશવર્ધનસાગરશ્રીજી મ.સા. જિનાલયમાં પધારેલ તેમનું સામૈયું કરવામાં આવેલ.

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુરમાં શ્રી કુંથુનાથ જિનાલયની ૨૪ મી વર્ષગાંઠ અને ૨૫ મી ધ્વજા મહોત્સવની ઉજવણી









સાંજે ભવ્યાતિભવ્ય રંગોળી, નયનાભિરમ્ય ગહુલી અને મહેંદીરસમના બાદ મુંબઈથી પધારેલ પ્રખ્યાત વિધિકાર શ્રી રાજાભાઈ નંદુ, ભાટાપારાથી પધારેલ સૌ. કવિતાબેન સંજયભાઈ છેડા અને સૌ. શીતલબેન વ્યાસની ટીમ સાથે ભવ્યાતિભવ્ય સંગીત સાથે ભક્તિ સંધ્યા બાદ ૧૦૮ દીપકથી મહાઆરતીનું આયોજન કરવામાં આવેલ. ભાટાપારાથી પધારે સૌ. પ્રીતિબેન યશવંતભાઈ છેડા એ સુંદર ગહુલી બનાવેલ.



# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુરમાં શ્રી કુંથુનાથ જિનાલયની ૨૪ મી વર્ષગાંઠ અને ૨૫ મી ધ્વજા મહોત્સવની ઉજવણી



















વૈશાખ વદ-૨, બુધવાર તા.૧૪-૦૫-૨૦૨૫ના સવારે ૭ વાગેથી સકલ સંઘની નવકારશી બાદ, શ્રી ધ્વજાના શોભાયાત્રા (વરઘોડા) બેન્ડ પાર્ટી સાથે ઢોલ અને નગાડાની ધૂનમા રાસની રમઝટ સાથે જિનાલયમાં આવેલ. શોભાયાત્રા આવતા જિનાલય પરિસરમાં જૈન ધ્વજારોહણ શ્રી ખુશાલ મુલજી લાલકા કોલકાત્તા ના હસ્તે કરવામાં આવેલ. શ્રી સત્તરભેદી પૂજનના લાભાર્થી શ્રી ઘરમચંદજી લુંકડ પરિવાર લીધેલ.

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુરમાં શ્રી કુંથુનાથ જિનાલયની ૨૪ મી વર્ષગાંઠ અને ૨૫ મી ધ્વજા મહોત્સવની ઉજવણી



















ધ્વજારોહણના જિનમંદિરના માતુશ્રી નેણબાઈ કેશવજી તેજપાલ શાહ પરિવાર (જખૌ-રાયપુર), શ્રી અચલગચ્છ ગુરૂમંદિરના માતુશ્રી હીરબાઈ મેઘજી મોમાયા પરિવાર (વરાડીયા-હૈદ્રાબાદ) એમના અનુપસ્થિતમાં માતુશ્રી ચંપાબાઈ હીરાચંદ મૈશેરી પરિવાર દ્વારા ધ્વજા ચઢાવામાં આવેલ. શ્રી વિજયશાંતિસૂરીજી ગુરૂમંદિર શ્રીમતી સૂરજદેવી સોનરાજજી કોચર ચેરિટેબલ ટ્રસ્ટ જ્વેલર્સ સોનિયાસંસ, રાયપુર દ્વારા ધ્વજારોહણ કરવામાં આવેલ.

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુરમાં શ્રી કુંથુનાથ જિનાલયની ૨૪ મી વર્ષગાંઠ અને ૨૫ મી ધ્વજા મહોત્સવની ઉજવણી




















આ શુભ અવસરે ક્ષેત્રના વિધાયક શ્રી સુનીલ સોની, નિગમના સભાપતિ શ્રી સૂર્યકાંત રાઠોડ, પાર્ષદ શ્રીમતી અંજલી ગોલછા, જૈન સમાજના વિભિન્ન જિનાલયોના ટ્રસ્ટી, પ્રમુખરૂપે હાજરી આપેલ. અમદાવાદ, કોલકાતા, સંભાજી નગર, બેંગલોર, મુંબઈ, જલગાંવ, ઈન્દૌર, નાંદેડ, ભિલાઈ, ભાટાપારા અને ધમતરીથી સેંકડોજનો એ હાજરી આપેલ. જીવદયાના કાર્યમાં ગાયોને કંલિગર ખવડાવવામાં આવેલ. અનુકંપા દાનમાં આશ્રમ શાળામાં ભોજન કરવામાં આવેલ. સાથે સાધુ ભગવંતો દ્વારા માંગલિક પાઠ કરવામાં આવેલ. ગુરૂપૂજનના લાભાર્થી માતુશ્રી મુરબાઈ જવેરચંદ લોડાયા પરિવાર (સાંયરા-રાયપુર) લીધેલ.

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુરમાં શ્રી કુંથુનાથ જિનાલયની ૨૪ મી વર્ષગાંઠ અને ૨૫ મી ધ્વજા મહોત્સવની ઉજવણી















પધારેલ અતિથિઓનું શાલ શ્રી ફળ સાથે બહુમાન કરવામાં આવેલ ત્યારબાદ સાધર્મિક સ્વામી વાત્સલ્યના કાયમી સહયોગી લાભાર્થી માતુશ્રી માનબાઈ ચત્રભુજ શાહ પરિવાર (જખૌ-રાયપુર), માતુશ્રી જયાબેન રતીલાલ શાહ પરિવાર (જખૌ-રાયપુર), માતુશ્રી હીરબાઈ મેઘજી મોમાયા પરિવાર (વરાડીયા-હૈદ્રાબાદ) હતા. સંપૂર્ણ જિનાલય પરિસરની સુંદર લાઈટીંગ, નયનાભિરમ્ય રંગોળી, ગહુલી, અનુકંપા દાન, જીવદયા કાર્ય, ફ્લાવર ડેકોરેશનથી સુંદર સજાવટ થયેલ. મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડાએ પધારેલ અતિથિઓ, જ્ઞાતિજનો, મહાજનની ટીમ, શ્રી કુંથુનાથ મહિલા મંડળ અને યુવા મંડળની ટીમ, જિનાલયના સ્ટાફ, રેજા, સફાઈ કર્મચારી, કેટરીંગ સ્ટાફ, સાઉન્ડ સિસ્ટમ, ટેન્ટવાલા સર્વેનું ખૂબ ખૂબ આભાર માનેલ. સંપૂર્ણ કાર્યક્રમમાં શ્રી ભરતનારાયણજી મૈશેરી, સૌ. ભાવનાબેન કીર્તિ પોલડિયા, શ્રી જયેશ કલ્યાણજી નાગડા, સૌ. પૂજા હિતેશ મોમાયા, શ્રી જિનેશ ગિરીશ શાહ, સૌ. કિરણ યશ જૈન, સૌ. સુનયના અમિત મૈશેરી, કુ. હર્ષિતા ચંદ્રેશ છેડા, સૌ. પ્રીતિ યશવંત છેડા અને સૌ. કવિતા સંજય છેડા (ભાટાપારા)ના સહયોગ બદલ આભાર માનેલ. રાયપુર શહરના વિભિન્ન સમાચાર પત્રોમાં આ કાર્યક્રમના સમાચારને વિશેષ સ્થાન આપવામાં આવ્યું હતું.

# શ્રદ્ધાંજલિ



# સ્વ. પુષ્પાબેન કિશોરભાઈ ભેદા

(ગામ-વારાપધ્ધર ● હાલ-થાણા)

અરિહંત શરણ - શુક્રવાર તા.૧૬-૦૫-૨૦૨૫

વાત્સલ્યમયી ધર્મ મૂર્તિ, આપ પરિવારનું કેન્દ્રબિંદુ
આપની ઉપસ્થિતિથી ચોમેર વર્તાય સ્નેહસિંધુ
ઈશશરણમાં ચિરશાંતિ પામો સ્મૃતિમાં સચવાશે સંબંધ તંતુ

-: શ્રધ્ધાસુમન :-


| | | |
|---|---|---|
| પતિ | : | કિશોર મેઘજી ભેદા |
| સાસુ-સસરા | : | હીરાવંતી મેઘજી કાનજી ભેદા |
| માતા-પિતા | : | જમકુબેન લાલજી ખોના |
| પુત્ર | : | પ્રિયેશ, નમ્રેશ, ચંદ્રેશ |
| પુત્રવધૂ | : | અ.સૌ.અનિતા પ્રિયેશ |
| પૌત્રી-પૌત્ર | : | ચિ.પરીકા પ્રિયેશ, યશેશ પ્રિયેશ |
| જેઠાણી-જેઠ | : | હંસા ભૂપેન્દ્રભાઈ મેઘજીભાઈ ભેદા |
| નણંદ | : | ગીતા દિલીપ જૈન |
| ભાઈ-ભાભી | : | મીનાક્ષીબેન વિજયભાઈ ખોના, સરલાબેન વિરચંદભાઈ ખોના<br>કરૂણાબેન મોતીચંદભાઈ ખોના |
| બહેન | : | ઈંદુબેન હીરાચંદ મોતા, કિશોરી રાયચંદ લોડાયા,<br>ચંદ્રા લાલજી ખોના, તરૂણા લલીત દંડ |

નિવાસ સ્થાન:- કિશોર મેઘજી ભેદા

વિજય પાર્ક, બિલ્ડીંગ ન.૧૬/ ફ્લેટ ૭૦૩, ઓફ ઘોડબંદર રોડ, કાસર વડાવલી, થાણે વેસ્ટ.

નમ્રેશ -૯૮૨૧૪૮૫૩૭૫, ચંદ્રેશ -૯૩૨૩૫૩૭૬૬૦૧

# સંજીવની કેસ નં.૧૮૭ ના બીજા તબક્કા માટે જરૂરી રકમ રૂા.૧ લાખ નામ માત્ર સમયમાં ક્રાઉડ ફંડિગથી જમા થયું




૨૭ વર્ષીય યુવક સાગર હીરાચંદ ગોસર વારાપધ્ધર નવી મુંબઈ કોપરખૈરણેનો છે અને એપીએમસી માર્કેટમાં આર જે. એન્ટરપ્રાઈઝમાં સર્વીસ કરી લઘુતમ વેતન મેળવે છે.

સાગર ડાબી બાજુ પ્લ્યુરલ ઈફ્યુઝનથી પીડિત છે. તે માટે આસિસ્ટેડ થોરોકોસ્પિક સર્જરી કરાવી પડી હતી. ડેકોર્ટિકેશન જે સર્જિકલ હસ્તક્ષેપ છે જેમાં ફેફસાના ગતિને પ્રતિબંધિત કરતી જાડા તંતુમય પેશીઓને દૂર કરવામાં આવે છે.

પિતા નિવૃત્ત છે. જ્યારે નાનો ભાઈ પણ એપીએમસી માર્કેટમાં કામ કરી લઘુતમ વેતન મેળવે છે. પરિવારની કોઈ બચત નથી કે નથી કોઈ મેડિક્લેમનો સહારો.

આ અગાઉ સંજીવની કેસ નં.૧૮૫ અંતર્ગત શ્વાસની તકલીફને લીધે તાત્કાલિક આઈસીયુમાં ભરતી કરાયેલ જે માટે મેડિકલ સમિતી પાસે મદદ અરજી મૂકાતા રૂા.૨.૨૦ લાખ જમા કરી અપાયા હતા. હવે બીજા તબક્કામાં ઈલાજ માટે સાગરને રૂા.૧ લાખની જરૂરિયાત હોતાં જે અરજી કેસ નં.૧૮૭ હેઠળ ક્રાઉડ ફંડિગ માટે ખુલ્લું મુકાયું અને વ્યક્તિ દાતાઓ મહાજન, મંડળો, એકમો ટ્રસ્ટો અને સંસ્થાઓને ટેકાથી નામ માત્ર સમયમાં જરૂરી ભંડોળ જમા થઈ ગયું.

આકસ્મિત આપદામાં મૂકાતા જ્ઞાતિજનોને માટે સંજીવની કાર્ય કરતી સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજના આજ સુધીના દરેકે દરેક અરજી કેસ સમયસર અને સુખરૂપે પૂર્ણ કરાયા છે. જે માટે પીઠબળ બની ખમતીધર સાથ મદદ આપતાં સૌ દાતાઓ, ઉદાર દાનવીરો, માનવતાવાદી વિચારધારા રાખતા ટ્રસ્ટો, મહાજનો, એકમો અને સંસ્થાના સૌ મોભી અગ્રણીઓ પદાધિકારીઓને શત શત નમન કરી ભાવ વંદના કરીએ છીએ.

# હુબલી મહાજન ચાતુર્માસની જય બોલાવવા ગદગ નગરે પધાર્યું









શ્રી ક.દ.ઓ. મહાજન હુબલી કર્ણાટકને આ વર્ષે વિક્રમ સંવત ૨૦૮૧નું ચાતુર્માસ પ.પૂ.અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞા આશિષથી પ.પૂ.સાધ્વી શ્રી ભગવંત શ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાનું ચાતુર્માસ પ્રદાન થયેલ છે. ચાતુર્માસની જય બોલાવવા માટે શ્રી ક.દ.ઓ. મહાજન હુબલી કર્ણાટકના સભ્યો ગદગ નગરે પધાર્યા. તેમનું વાજતે ગાજતે સ્વાગત કરી આવકાર અપાયો.

# પ.પૂ.સાધ્વી શ્રી યશોદયશ્રીજી મ.સા. સંયમ જીવનના ૫૪ મા વર્ષમાં પ્રવેશ કર્યો



કચ્છ જખૌના માવિત્ર માતુશ્રી ધનબાઈ શામજીભાઈ મોમાયાના ધર્મ સંસ્કારી સુપુત્રી સંયમ જીવન પથ સ્વીકારવાનો અડગ નિશ્ચય કરી આત્મકલ્યાણ કરવા વિક્રમ સંવત ૨૦૨૮ વૈશાખ વદ ૩ તિથિ દિને જખૌ નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા સ્વીકારી ગુરૂમૈયા પ.પૂ.સાધ્વીશ્રી મહોદયશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી યશોદયશ્રીજી મ.સા. થઈને સંયમ જીવન પથનું વિકટ વિચરણ શરૂ કર્યું.

તપ, ત્યાગ, ધર્મ, ભક્તિ, આરાધના કરતાં ભક્તોને કરાવતાં રજત, સુવર્ણ વર્ષ પૂર્ણ કરી સંવત ૨૦૮૧ વૈશાખ સુદ ૩ તિથિ દિને ૫૩ વર્ષ પૂર્ણ કરી સંયમ જીવનના ૫૪ મા વર્ષમાં પ્રવેશ કર્યો. આ મંગલ અવસરે ગુરૂભક્તોની ભાવના સહ કામના છે કે પૂજ્ય સાહેબ આવી જ રીતે અવિરત આગળ વધતા રહી હીરક, અમૃત વર્ષ પૂર્ણ કરી સર્વોચ્ચ એવા શતક વર્ષના શિખરે બિરાજમાન થવાની સિધ્ધિ પ્રાપ્ત કરે. સાહેબજીને શત શત વંદના.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'**
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી અનંતનાથ કોમ્પ્લેક્ષના શ્રી વિમલનાથ દેરાસરની નવમી ધ્વજારોહણ પ્રસંગે ત્રિહ્નિકા મહોત્સવ ભવ્યતાથી સંપન્ન થયો








શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ મહાજન મુંબઈ, શ્રી અનંતનાથજી જૈન દેરાસરજી તથા તેના સાધારણ ફંડ તથા શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ કાંજુરમાર્ગના સંયુક્ત ઉપક્રમે કાંજુરમાર્ગના શ્રી વિમલનાથ દેરાસરની આઠમી વર્ષગાંઠ અને નવમી ધ્વજા રોહણ પ્રસંગે ત્રિાન્હિકા મહોત્સવ પ.પૂ.સાધ્વીશ્રી અર્હતકિરણાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી રમ્યકિરણાશ્રીજી મ.સા. આદિ ઠાણાની પાવન નિશ્રામાં તા.૬મે મંગળવારના ૮ મે ગુરૂવાર દરમ્યાન ભવ્યતાથી સંપન્ન થયો.

પ્રથમ દિને બપોરના ૩ કલાકે શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણ પૂજા શ્રી અનંતનાથજી કોમ્પલેક્ષ મહિલા મંડળે ભણાવી. રાત્રે ૯ કલાકે વિમલનાથ મિત્ર મંડળએ ભક્તિ ભાવના કરી હતી.

બુધવાર તા.૭મે દ્વિતીય દિને સવારે ૯ કલાકે અઢાર અભિષેક, અભિષેક દરમ્યાન ધ્વજા સૂર્ય, ચંદ્ર, શાંતિ કળશ, આરતી અને મંગળ દીવાના ચડાવા વિધિકાર દ્વારા લેવાયા રાત્રે ૯ કલાકે શ્રી વિમલનાથ મંડળ તરફથી ગાયક કલાકાર ગૌતમ દંડ તથા ગીતાબેન મોમાયા અને સાથી કલાકારો દ્વારા પ્રભુજીની ભક્તિ ભાવના ભણાવવામાં આપી. જેમાં ૯૦ જણ ઉપસ્થિત રહ્યાં હતાં.

અંતિમ તૃતીય દિને ગુરૂવાર તા.૮મે વૈશાખ સુદ અગ્યારસ દિને સવારના ૭.૩૦ કલાકે નવકારશી શ્રી અનંતનાથજી કોમ્પેલક્ષ મધે શ્રી ક.દ.ઓ.જૈન કાંજુરમાર્ગ તરફથી સવારના ૮.૩૦ કલાકે સતર ભેદી પૂજા તથા ધ્વજા રોહણ વિધિ લાભાર્થી પરિવાર માતુશ્રી કંચનબેન મણિલાલ લોડાયા સાંયરાવાળા પરિવાર દ્વારા બપોરે ૧૨ કલાકે શ્રી કાંજુરમાર્ગ સંઘ દ્વારા સાધર્મિક ભક્તિ અવસર કેટરર્સના ગિરીશભાઈ જ્યારે રાતે ૯ કલાકે શ્રી વિમલનાથ મિત્ર મંડળ દ્વારા ભક્તિ ભાવના તથા પાઠશાળાના બાળકો દ્વારા ધાર્મિક કાર્યક્રમની રજૂઆત થઈ.

વિધિકાર નિખિલ હરીયા અને સાથી કલાકારોની હાજરી રહી હતી. શ્રી વિમલનાથ દેરાસરની નવમી ધ્વજા મહોત્સવના લાભાર્થી પરિવાર માતુશ્રી કંચનબેન મણિલાલ લોડાયા સાંયરાવાળા હતા.

# શેઠ શ્રી નરશીનાથા મેડિકલ ટ્રસ્ટ દ્વારા આયોજિત શારીરિક જટિલ સાંધાઓના ઉપાય માટેનો કેમ્પ યોજાયો





શેઠ શ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટના ઉપક્રમે તા. ૧૭-૦૫-૨૦૨૫ શનિવારના રોજ બપોરે ૨:૦૦ વાગ્યે અનંત નિવાસ, બાલમંદિર, ખારેક બજાર, મુંબઈ ખાતે ડો. સોનલ ઝવેર મોતા, સુથરી વાળા દ્વારા શરીરના વિવિધ સંભવિત અને જટિલ રોગો/સાંધાની નિદાન માટે વિશેષ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પને ખુબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો. બધા જ જ્ઞાતિજનો સમયસર, બરોબર ૨:૦૦ વાગ્યે ઉપસ્થિત થયા હતા.



આ ઉદ્‌ઘાટન પ્રસંગે મેડિકલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી કુમાર દંડે સૌનો હાર્દિક આવકાર આપ્યો હતો ડોક્ટર સોનલબેનનું અભિવાદન કર્યું હતું અને ત્યારબાદ ડો. સોનલબેને પ્રવચન દ્વારા આજની વહેતી જીવનશૈલીમાં શરીરની સંભાળ રાખવી કેટલી જરૂરી છે તે સમજાવ્યું. તેમણે કહ્યું કે, ''આજના દોડધામભર્યા જીવનમાં પોતાનાં શરીર માટે સમય કાઢવો ખૂબ જ જરૂરી છે. આપણું શરીર એવી રચના ધરાવે છે કે થોડી સાવચેતી અને ઉપાયોથી ઘણા ગંભીર રોગોને ટાળી શકાય છે.''

સોનલબેને ખાસ કરીને સાંધાના રોગો અંગે વિસ્તૃત માહિતી આપી તથા શરીરના વિવિધ ભાગોની દુખાવા સંબંધિત સ્પષ્ટ સમજ આપી. કેમ્પ દરમિયાન પ્રેક્ટીકલ સેશન પણ યોજાયા હતા.

કેમ્પની અંતે ડૉ. સોનલબેને જણાવ્યું કે, જરૂર પડે ત્યારે ભવિષ્યમાં ઓનલાઈન કે પર્સનલ મળી વધુ માહિતી મેળવી શકાય છે. આખો કાર્યક્રમ અત્યંત સમજણપૂર્વક નો અને સફળ રહ્યો.

મેડિકલ ટ્રસ્ટ તરફથી શ્રી રાજેશભાઈ છેડાએ ડૉ. સોનલ ઝવેર અને ઉપસ્થિત સૌનું આભાર માન્યો.

ઉપરોક્ત કેમ્પમાં મુંબઈ મહાજનશ્રીના સેક્રેટરી ચેતનભાઇ મોતા, ખજાનચી શ્રી રાજેશભાઈ છેડા, ટ્રસ્ટી શ્રી મનોજભાઈ લોડાયા, ચિરાગભાઈ નાગડા, કવિતાબેન ધુલ્લા અને વર્ષાબેન લોડાયા કેમ્પમાં હાજર રહી સક્રિય સહયોગ આપ્યો હતો.

મસ્જિદ બંદર સંઘના શ્રી વિક્રમભાઈ પટેલ અને કલ્પેશભાઈ મોમાયા તિલેશ ધરમશી (ટોની) પણ કાર્યક્રમમાં મદદરૂપ થયા હતા.

નામી અનામી અનેક કાર્યકર્તાઓ અને અનંતનાથ ટ્રસ્ટ અને મુંબઈ મહાજનના સર્વે એક્ઝિક્યુટિવ અને સ્ટાફના સુઘડ પ્લાનિંગથી ઉપરોક્ત કાર્યક્રમ ઘણો સફળ રહ્યો અને આવા કાર્યક્રમ ફરી ફરી યોજવા જોઈએ એવું સર્વનું મંતવ્ય હતું.

સંપર્ક માટેઃ ડો. સોનલ ઝવેર મોતા-૮૧૦૪૪૬૧૭૭૬, ૯૮૩૩૦૯૯૧૧૦

# જ્ઞાતિના તેજસ્વી તારલાઓને હાર્દિક અભિનંદન




**Dolly Nitin Dand**
94.2% (HSC)
Sandhav-Hyderabad



**Udit Ravi Lodaya**
91.17% (HSC)
Kothara-Kanjurmarg



**Bhakti Satish Lodaya**
91% (HSC)
Sandhan-Ghatkopar



**Nisarg Vishal Lodaya**
91% (HSC)
Naliya-Ambernath



**Krishna Amit Momaya**
89% (HSC)
Vadodara-Sanyara



**Kush Paresh Chheda**
88% (HSC)
Naliya-Vapi




**Moksh Amit Jain**
88% (HSC)
Jakhau-Raipur



**Duvansh Jayesh Lodaya**
75% (HSC)
Suthari-Dombivali



**Komal Khona**
61.17% (HSC)
Suthari-Bhandup




**Gautam Dhiren Khona**
52.5% (HSC)
Naliya-Mulund




**Nishra Hirachand Mota**
70% (SSC)
Kothara-Durgapur




**Mitansh Hitesh Lapasia**
94.2% (SSC)
Daltungi-Mulund



**Kanishka Jiten Nagda**
85.60% (SSC)
Rapargadh-Mulund




**Anatara Ramesh Lodaya**
84.40% (SSC)
Manjal Reladiya-Mulund




**Drashti Chirag Momaya**
99.77% (SSC)
Sanyara-Adipur



**Ridhi Shah (Kuruwa)**
80% (HSC)
Godhra-Dombivli



**Mahi Manish Chheda**
75% (B.C.A.)
Parbhani-Naliya



**Bhakti Keshavji Lodaya**
91.67% (HSC)
Lala-Dombivli

# જ્ઞાતિના તેજસ્વી તારલાઓને હાર્દિક અભિનંદન






**Shaurya Suryakant**
99.2% (SSC)
Jakhau-Davangere




**Khawish Kirit Dand**
98.4% (SSC)
Lakhania-Navi Mumbai



**Urmi Atul Dand**
98.2% (SSC)
Lala-Thane



**Dolly Chandrkant Lodaya**
96.80% (SSC)
Nani Khavdi-Kalwa



**Pahel Kalpesh Shiyad**
96% (SSC)
Daltungi-Mulund



**Naman Gaurav Lodaya**
95% (SSC)
Sanyara-Chich Bunder




**Bhumil Dharamshi**
95% (SSC)
Rangpur-Borivali



**Dhyani Shah**
94% (SSC)
Naliya-Mulund




**Nitya Dipen Lalka**
93.60% (SSC)
Naliya-Jalgaon



**Gatik Deepen Dhulla**
93.60% (SSC)
Tera-Mulund



**Parth Manish Lankan**
93% (SSC)
Sandhan-Dombivli



**Vrudhi Gulab Patel**
93% (SSC)




**Arham Hemal Masheri**
92% (SSC)
Sandhan-Puna




**Neev Manish Chheda**
91.20% (SSC)
Naliya-Parbhani



**Vivan Sameer Lodaya**
91.03% (SSC)
Aarikhana-Andheri



**Rudra Ajay Munvar**
91% (SSC)
Kothara-Dombivli



**Dhruv Hitesh Lodaya**
89.2% (SSC)
Sujapar-Dombivli



**Yuktha Girish Momaya**
89% (SSC)
Jakhau-Udipi-Karnataka



**Pratham Jayesh Shah**
88.40% (SSC)
Nani Sindhodi-Dombivli



**Bhavya Chirag Nagda**
88% (SSC)
Kuapadhar-Thane

# જ્ઞાતિના તેજસ્વી તારલાઓને હાર્દિક અભિનંદન





**Darmit Lapasiya**
88% (SSC)
Rangpur-Ghatkopar



**Kavish Nirmal Jain**
84% (SSC)
Bandia-Bhandup



**Kaveesh Nilesh Shah**
84.40% (SSC)
Sayera-Mulund (W)



**Tirth Anil Dand**
81.20% (SSC)
Manjal-Bhandup




**Arya Nikhil Jiwani**
80% (SSC)
Jakhau-Dombivali



**Mansika Bhavesh Dand**
73% (SSC)
Suthari-Dombivali




**Mayank Kamlesh Dand**
71.80% (SSC)
Sandhav-Dombivli




**Vivan Prakash Dand**
70% (SSC)
Manjal Reladiya-Bhandup




**Palak Mitesh Kankan**
57% (SSC)
Sandhan-Jalgaon



**Raj Ajit Shiyal**
90% (SSC)
Jakhau-Ghatkopar



**Aditi Himanshu Lalka**
94.49% (SSC)
Parbhani-Naliya



**Akshit Jatin Lapsiya**
97% (SSC)
Suthari-Jalgaon



**Yana Kumar Sanghvi**
93.2% (SSC)
Sandhan-Mulund



**Chinmayee Nitin Dand**
91.3% (SSC)
Sandhav-Hyderabad



**Jiya Himanshu Maisheri**
89.9% (SSC)
Lala-Nashik



**Harshvi Vinay Lodaya**
89% (SSC)
Bandiya-Dombivali




**Neha Nishant Lodaya**
87.40% (SSC)
Kothara-Nashik



**Twisha Jignesh Mota**
86% (SSC)
Kuvapadhar-Ghatkopar



**Daniel Praful Dharamshi**
Sandhan-Dombivali
(SSC)



**Aryan Himanshu Shah**
94% (SSC)
Naliya-Thane

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી મે-જૂન માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા.૧૮ મે ૨૦૨૫ | જ્ઞાતિ ચિંતન શિબિર, શ્રી કચ્છી ભવન, ૪૪ બી, મેઈન રોડ, જે.પી.નગર, ફેસ ૩, મીની ફોરેસ્ટ સામે, બેંગલોર |
| તા.૨૪ મે ૨૦૨૫ | કચ્છની મોટી પંચતીર્થીના પ્રવેશદ્વાર શ્રી સાંધાણ તીર્થે-શ્રી શાંતિનાથ પ્રભુના જન્મ અને મોક્ષ કલ્યાણકની ઉજવણી |
| તા.૨૫ મે ૨૦૨૫ | કચ્છની મોટી પંચતીર્થીના પ્રવેશદ્વાર શ્રી સાંધાણ તીર્થે-શ્રી શાંતિનાથ પ્રભુના દિક્ષા કલ્યાણકની ઉજવણી |
| તા.૦૧ જૂન ૨૦૨૫ | શ્રી અનંતનાથજી ટ્રસ્ટ તથા મુંબઈ મહાજન પ્રેરિત અનંત માર્ગ દર્શન દ્વારા ધો. ૧૦-૧૨ના વિદ્યાર્થીઓ માટે કેરીયર પ્લાનીંગ સેમીનાર સવારે ૧૦.૦૦ થી બપોરે ૧.૦૦ મુંબઇ : રજીસ્ટ્રેશનઃ ૮૧૬૯૨૪૪૯૭૫ |

## પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના ૪૫ મા વર્ષમાં પ્રવેશ



વિક્રમ સંવત ૨૦૩૭ના વૈશાખ વદ ૬ તિથિ દિને સાંયરાના માવિત્ર માતુશ્રી ગુણવંતીબેન જેઠાભાઈ ખીમજી લાપસીયાના ધર્મ ભક્તિ સંસ્કારના રંગે રંગાયેલા સુપુત્રી ભાંડુપ નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા સ્વીકારી ગુરૂમૈયા પ.પૂ.સાધ્વીશ્રી ગુણમાલાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ. સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. ધારણ કરી સંયમ જીવનના વિકટ પથ પર પ્રવાસનો પ્રારંભ કર્યો. ધર્મ, જ્ઞાન, ભક્તિ, આરાધના, તપ, ત્યાગ કરતાં, ભાવિકોને કરાવતાં આજે વિક્રમ સંવત ૨૦૮૧ના વૈશાખ વદ ૬ તિથિ દિને સાહેબજી ચાર દાયકાથી ઉપર ચાર વર્ષ એટલે કે ૪૪ વર્ષ પૂર્ણ કરી સંયમ જીવનના ૪૫મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ શુભ અવસરે ગુરૂ ભક્તોની મંગલકામના સહ શુભભાવના છે કે પૂજ્ય સાહેબજી અવિરત આત્મ કલ્યાણના માર્ગે ધર્મ ભક્તિ તપ કરતાં અને કરાવતાં આગળ વધતાં સુવર્ણ, હીરકને અમૃત વર્ષ પૂર્ણ કરી સિધ્ધિપૂર્ણ એવા શતકના શિખરે બિરાજમાન થાય. શત શત વંદન.

## પ.પૂ.સાધ્વીશ્રી દિવ્યદર્શનાશ્રીજી મ.સા. સંયમ જીવનના ૪૯ મા વર્ષમાં પ્રવેશ કાર્યો



સાંધાણના માવિત્ર માતુશ્રી ધનબાઈ ખેતશી ભાણજી ધરમશી (પછીથી પ.પૂ.સાધ્વીશ્રી ભવ્ય દર્શનાશ્રીજી મ.સા.)ના ધર્મ સંસ્કારી પુત્રી સંયમ માર્ગે વિચરણ કરવાના અડગ સંકલ્પ કરતાં વિક્રમ સંવત ૨૦૩૩ના વૈશાખ વદ ૬ તિથિ દિને બિદડા નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી ગુરૂમાતા પ.પૂ. સાધ્વીશ્રી ભવ્યદર્શનાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતનનામ પ.પૂ.સા.શ્રી દિવ્ય દર્શનાશ્રીજી મ.સા. ધારણ કરી ધર્મ, તપ પથ ઉપર પ્રવાસનો પ્રારંભ કર્યો.

તપ, ત્યાગ, ધર્મ, ભક્તિ, આરાધના કરતા, ભક્તોને કરાવતા આજે વિક્રમ સંવત ૨૦૮૧ના વૈશાખ વદી ૬ તિથિ દિને પૂજ્ય સાહેબ રજત વર્ષને પાર કરી. ચાર દાયકા ઉપરાંત સંયમ જીવનના ૪૮ વર્ષ પૂર્ણ કરી ૪૯ મા વર્ષમાં સકલ પ્રવેશ કર્યો છે. ત્યારે ગુરૂ ભક્તોની શુભકામના અને શુભ ભાવના છે કે સાહેબજી સુવર્ણ, હીરક અને અમૃત વર્ષ પાર કરી સર્વોચ્ચ સિધ્ધિ શતક વર્ષના શિખરે બિરાજમાન થાય. શત વંદના પૂજ્ય સાહેબને.

## વરાડીયા દેરાસરના ૧૨૨ મી સાલગીરાએ ૧૨૩ મુ ધ્વજારોહણ ત્રિહાનિકા મહોત્સવ

સં. ૨૦૮૧ શ્રાવણ સુદ ચોથ તા. ૨૮ જુલાઈ ૨૦૨૫ થી શ્રાવણ સુદ છઠ તા. ૩૦ મી જુલાઈ ૨૦૨૫.

પાવન નિશ્રાઃ ચાતુર્માસ અર્થે બિરાજમાન પ.પૂ.સાધ્વી શ્રી જયધર્માશ્રીજી મ. સા. લાભાર્થી પરીવારઃ મા. લાખબાઈ દામજી શીવજી મોમાયા સમસ્ત પરીવાર.

મુખ્ય કાર્યક્રમ : શ્રા સુ. ૪ : પ્રભુજીના ૧૮ અભિષેકઃ સવારે ૯.૦૦ ક. થી. શ્રી મહાકાળી માતાજીની ભાવનાઃ સાંજે ૪.૦૦.ક. થી, શ્રા. સુ.૫: સતરભેદી પુજા સહ ધ્વજારોહણ : સવારે ૯.૦૦ ક. થી, શ્રા. સુ. ૬ દ્વાર ઉદઘાટનઃ સવારે ૬.૩૦ ક. પંચ કલ્યાણક પુજા : સવારે ૯.૦૦ ક. થી (લાભાર્થી પરીવારને રાબેતા મુજબ ના લાભ. અન્ય લાભઃ બધા ભાવિકો ને નકરા/ ઉછામણી થી. વિગતવાર માહિતી પછી રજુ થશે)

મુંબઈ- ગાંધીધામ- ભુજ રેલ્વે માહિતી.

પ્રયાણ : તા. ૨૬/૨૭.૦૭.૨૫ ટિકિટ રીઝર્વેશન શ : ૨૭/૨૮ મે ૨૦૨૫ થી.

૨૬/૨૭ જુલાઈ સયાજી નગરી : દાદરથી ૧૫.૧૫ ક. કચ્છ એકસપ્રેસઃ બાંદ્રા થી ૧૭.૪૫ બાંદ્રા ભુજ એકસપ્રેસ (વાયા પાલનપુર) ૧૬.૪૫ ક.

તા. ૨૭ જુલાઈ એસી સુપરફાસ્ટ : બાંદ્રા થી ૨૩ ૪૫ ક. બેંગલોર- ગાંધીધામ એકસપ્રેસ (૧૬૫૦૬) કલ્યાણઃ ૨૧ . ૩૦ ક. વસઇ રોડ : ૨૨.૪૦ ક. (ગાંધીધામ- પહોચશે ૨૮/૭ ના ૧૦.૫૦ ક.)

---

## શ્રી ક.દ.ઓ.જૈન નલિયાવાસી મુંબઈ ચેરિટેબલ ટ્રસ્ટના શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવન નૂતનીકરણ, નવી વિંગ તથા નૂતન ઉપહાર ગૃહના ભૂમિપૂજન પ્રસંગનું ભાવભર્યું આમંત્રણ

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન નલિયાવાસી મુંબઈ ચેરિટેબલ ટ્રસ્ટ સ્થાપિત અને સંચાલિત શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવનના નૂતનીકરણ સાથે ૧૫ અત્યાધુનિક રૂમોની નવી વિંગ, નૂતન ઉપહાર ગૃહ અને જૂની નવી વિંગને જોડતી લિફ્ટના દાતા પરિવારોના હસ્તે ભૂમિપૂજનનો કાર્યક્રમ ભારત અને પાકિસ્તાનના સંભાવિત યુધ્ધ શક્યતાને કારણે મુલત્વી રાખેલ તે હવે તા.૨૦ જૂન શુક્રવારના સવારે ૮.૩૦ કલાકે શુભમુર્હૂતે નિર્ધારિત કરેલ છે.


પરસ્પરના સંબંધની સુંગધી મહેંક માણવાના આ પરિમલ પ્રસંગ અને સમાજસેવાના ઉપવનમાં ભીંજાવાનો અમૂલ્ય અવસરના સાક્ષી બનવા માટે નલિયાગામના સુજ્ઞ ગામવાસીઓ, નિયાણી બહેનો તથા સમસ્ત જ્ઞાતિજનોને આ પ્રસંગે પધારવાનું ભાવભર્યું આમંત્રણ ટ્રસ્ટીશ્રીઓ તથા કાર્યવાહ કમિટીની તરફથી છે.

આ શુભ પ્રસંગે બપોરે ૧૨.૩૦ કલાકે રાખેલ સાધર્મિક ભક્તિનો લાભ આપવા વિનંતી.

આ શુભ પ્રસંગે પધારનાર દાતા પરિવારો તથા આમંત્રિત મહેમાનોને નમ્ર વિનંતી કે આપના આગમની જાણ વહેલાસર કરશોજી જેથી આપની સગવડતા કરવા માટે સુગમતા રહે.

---

# ભાવભીની શ્રદ્ધાંજલિ



લક્ષ્મીપતી લોડાયા
તા.૧૩ મે (ઉ.૭૭)
નલિયા-ઘાટકોપર



નલિનભાઈ ધરમશી
તા.૧૫ મે (ઉ.૮૩)
જખૌ-મુલુંડ



કૌશલભાઈ ધરમશી
તા.૧૬ મે (ઉ.૭૧)
બાયઠ-થાણા



પુષ્પાબેન ભેદા
તા.૧૬ મે (ઉ.૭૪)
વારાપધર-થાણા



પ્રીતિબેન કરૂવા
તા.૧૬ મે
ગોધરા-ડોંબિવલી



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● મસ્કત અને ઓમાનના વિકાસમાં કચ્છી ગુજરાતી સમુદાયનું અપ્રતિમ યોગદાન છે. તેમાંય માંડવીવાસી કચ્છીઓ સૈકાથી ઓમાન રહીને ત્યાં દૂધમાં સાકરની જેમ ભળી ગયા છે. આવા કચ્છીઓના પેઢી દર પેઢીના યોગદાનનું દસ્તાવેજીકરણ ઓમાન સ્થિત ભારતીય એલચી કચેરી દ્વારા કરવામાં આવ્યું છે. ૮મા ઈન્ડિયન ઓશન કોન્ફરન્સ નિમિત્તે મસ્કત ગયેલા વિદેશમંત્રી એસ.જયશંકર માંડવી ટુ મસ્કત પુસ્તકનું વિમોચન કર્યું હતું. આ અવસરે ઓમાનના વિદેશમંત્રી સઈદ બદર અને ઓમાનના ભારતના એલચી અમિત નારંગ હાજર રહ્યાં હતાં. આ પુસ્તક આવનારી પેઢીનું પથદર્શક બનશે. તેમજ જે વિદેશમાં વસતા ભારતીય સમુદાય પર પી.એચ.ડી.કરવા માગતા હોય તેમને માટે આ પુસ્તક મહત્વનું સંદર્ભ સાહિત્ય બની રહેશે એવું આ પ્રસંગે જણાવામાં આવ્યું હતું.

● રાજ્યના અન્ય વિસ્તારોની જેમ કચ્છમાં પણ હવે પાઈપલાઈન વાટે ગેસ વિતરણ કરવાનું શરૂ કરાયું છે. કચ્છમાં હજુ સિમીત વિસ્તારમાં જ પાઈપ લાઈન વાટે ગેસ વિતરણ કરવામાં આવી રહ્યું છે. તેની સીધી અસરથી ભુજ અને માધાપરમાં દસેક હજાર જેટલા એલપીજી જોડાણ ધારકો ઘટ્યા છે. ગુજરાત ગેસ દ્વારા ભુજ માધાપર અને મુન્દ્રાની સાથે નજીકના સમયમાં કચ્છના વધુ વિસ્તારને આવરી લઈ ૧.૬૬ લાખ ઘરોને પાઈપ લાઈન મારફતે ગેસ જોડાણ સાથે આવરી લેવાનું આયોજન ઘડી કઢાયું છે. જિલ્લામાં હાલ સાડા પાંચ લાખ જેટલા એલપીજી ગેસ જોડાણ નોંધાયેલા છે. તેમાંથી પોણા બે લાખ જેટલા ઉજ્જવલા ગેસ યોજના ધારકો છે.

● કચ્છના ખેડૂતો દ્વારા રોકડિયા પાકોનું વાવેતર થવાથી જુવાર બાજરા જેવા ઘાસના વાવેતરની પરંપરા ભુલાતી જાય છે અને દર વર્ષે ઉનાળાના ચાર મહિના દરમ્યાન ઘાસની અછત સર્જાય છે. આ ઘાસની તંગીના કારણે પશુઓને પાંજરાપોળમાં મૂકી દેવામાં આવી રહ્યાં છે. પશુ પાલકો અને ખેડૂતોને ઘાસ ક્ષેત્રે સ્વાવલંબી બનાવવા અબડાસા તાલુકાના ચિયાસર ગામે વર્ધમાન પરિવાર દ્વારા ને પિયર ઘાસ પ્રોજેક્ટ હાથ ધરાઈ રહ્યો છે. આ ઘાસની વિશેષતાએ છે કે એક વખત તેનું વાવેતર કરવામાં આવે ત્યારબાદ પાંચથી સાત વર્ષ સુધી ઘાસ ઉગ્યા કરે છે અને આખા વર્ષ દરમ્યાન એક એકરે ૫૦ ટન જેટલું ઘાસ ઉગે છે.

● અબડાસાના ગૌ સેવા ધામ રાતા તળાવ ખાતે વાલમરામજી પાંજરાપોળના પ્રાંગણમાં બે કરોડના ખર્ચે નિર્માણ પામનારી અત્યાધુનિક વેટરનરી હોસ્પિટલનું ખાત મુહૂર્ત દાતા પરિવાર દિપભાઈ શંભુરામ ગજરા ધુણઈવાળાના હાથે વિધિ વિધાન સાથે કરવામાં આવ્યું હતું. પશુ હોસ્પિટલમાં રખડતા ભટકતા તેમજ માંદગીવાળા પશુઓની અને ગૌવંશની સારવાર કરવામાં આવશે એવું રાતા તળાવના સ્થાપક મનજીભાઈ ભાનુશાલી એ જણાવ્યું હતું.

● જળસંચય અભિયાનને જન આંદોલનમાં પરિવર્તિત કરવાનું આહવાન કેન્દ્રના જળ સંપત્તિ વિભાગના મંત્રી સી.આર.પાટિલે અબડાસા તાલુકાના ભારાપર (ધુફી) ખાતે ગ્લોબલ કચ્છ, ભારાપર, ભાનુશાલી મહાજન, ભારાપર પ્રગતિ મંડળ અને કચ્છ મિત્ર આયોજિત કાર્યક્રમમાં બોલતા કહ્યું. જળસંચય ક્ષેત્રે કચ્છ દેશને રાહ ચીંધી શકે છે. જે માટે આગામી ચોમાસા પૂર્વે જુદી જુદી સંસ્થા અને કોર્પોરેટ સહયોગથી સમગ્ર કચ્છમાં છ હજાર જેટલા બોર રિચાર્જ કરવાની આ પ્રસંગે જાહેરાત કરાઈ હતી. વિદેશ વસતા શ્રેષ્ઠી દાતા રમેશભાઈ દેઢિયાએ કચ્છને હરિયાળું બનાવવા સાડા સાત કરોડનું દાન જાહેર કરી પચાસ હજાર વૃક્ષ વાવવાનો સંકલ્પ કરાયો હતો. ભારાપર પ્રગતિ મંડળે રૂા.૧૧ કરોડનું દાન ગ્લોબલ કચ્છને આપવાનું જાહેર કર્યું.

ARIHANT BANK

SHRI ARIHANT CO-OP. BANK LTD.

# Watch your savings grow, effortlessly.

## FIXED DEPOSIT

720 Days

RATE OF INTEREST

*7.85% per annum

For General Public

*8.35% per annum

For Senior Citizens

STAMP FRANKING Now Available

*Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| | | | | |
|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

Toll Free : 1800 221 984

Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)



www.arihantbank.com

@ Arihant Bank